| | |
|---|---|
| PUBLICATION NAME : | Prabhat |
| EDITION : | Ahmedabad |
| DATE : | 23/12/2021 |
| PAGE : | 03 |

# ઈડીઆઈઆઈએ ઉદ્યોગસાહસિકતાનાં ક્ષેત્રની ગતિશીલતા પર સૌથી મોટો અભ્યાસ રજૂ કર્યો

ધ ગ્લોબલ આંતરપ્રિન્યોરશિપ મોનિટર (GEM) સર્વે દુનિયામાં ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રમાં થતી ગતિશીલતાનો સૌથી મોટો વાર્ષિક અભ્યાસ છે. આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII), અમદાવાદે નેશનલ ટીમ લીડર તરીકે અને રિપોર્ટના મુખ્ય લેખક તરીકે EDIIના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા સાથે ગ્ઘ ઈન્ડિયા સર્વે હાથ ધર્યો હતો. ધ GEM ઈન્ડિયા ૨૦૨૦-૨૧ રિપોર્ટ તાજેતરમાં બહાર પડ્યો હતો, જેમાં ભારતીયો વચ્ચે ઉદ્યોગસાહસિકતાના ચાવીરૂપ પાસાં સમજાવવામાં આવ્યાં છે. આ માટે ભારતીય ઉદ્યોગસાહસિકોના અભિગમો, કામગીરીઓ અને આકાંક્ષાઓને ધ્યાનમાં લેવામાં આવી છે. રિપોર્ટના તારણો નીતિનિર્માતાઓને વર્તમાન અને સંભવિત નીતિઓની સમીક્ષા કરવા માટે પાયો પૂરો પાડે છે. આ રિપોર્ટમાં ૩,૩૧૭ પુખ્તો અને રાષ્ટ્રીય સ્તરના નિષ્ણાતોના સેમ્પલ સર્વેનો ઉપયોગ થયો છે.

આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) દ્વારા હાથ ધરવામાં આવેલા ઉદ્યોગસાહસિકતા પરના રાષ્ટ્રવ્યાપી સર્વમાં જાણકારી મળી છે કે, કોવિડ-૧૯ મહામારીને કારણે મુશ્કેલીઓ ઊભી થઈ હોવા છતાં ૮૨ ટકા લોકો વ્યવસાય શરૂ કરવાની સારી તક હોવાનું માને છે.

GEM ઈન્ડિયાના ટીમ લીડર અને EDIIના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ કહ્યુ હતું કે, ઉદ્યોગસાહસિકતા સતત આર્થિક વૃદ્ધિ માટે ચાવીરૂપ પરિબળ બની ગયું છે અને રોજગારીની તકો ઊભી કરવાની પ્રચૂર સંભાવના ધરાવે છે. દેશની અંદર ઉદ્યોગસાહસિકતા માટેની માનસિકતા વિકસાવવી દુનિયાભરની સરકારો અને સમાજો માટે મુખ્ય ઉદ્દેશ બની ગયો છે.